# શહેરની સરકારી શાળાઓમાં ૩ વર્ષથી ખુબ નબળું પરિણામ : શિક્ષણમંત્રી

## ધો-૧૦નું પરિણામ ખુબ ઓછું આવવાથી શહેરની ૬ સરકારી શાળા કડી સર્વ વિદ્યાલયને સોંપાઈ

ગાંધીનગર, તા.૨૭

છેલ્લા ત્રણ વર્ષમાં ધો-૧૦માં પરિણામનું સ્તર ખાડે જતા શહેરની ૬ સરકારી શાલાઓ સર્વ વિદ્યાલય કળવણી મંડળને સોંપવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં આજે તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન ઠાસરાના રામસિંહ પરમારે પ્રશ્ન પુછતા શિક્ષણમંત્રીએ સરકારી શાળાઓને ખાનગી સંખ્યાને સોંપવાની હકીકતનો સ્વીકાર કર્યો હતો.

શહેરની સરકારી શાળાઓમાં શિક્ષણનુંસ્તર દિન પ્રતિદિ કથળતું હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે




બોર્ડના પરિણામોમાં નીચી ટકાવારી પણ સરકારી શિક્ષણ માટે ચિંતાનો વિષય બની છે. સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં સરકારી શાળાઓમાં પરિણામનું સ્થર સુધારવા અગાઉ સરકાર્ દવારા શહેરની ૬ સરકારી શાલાઓ કડી સર્વ વિદ્યાલય કેલવણી મંડળને સોંપવામાં આવી છે. આ અન્વયે આજે વિધાનસભા ગૃહમાં પણ ઠાસરાના રામસિંહ રમારે શિક્ષણમંત્રીને પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયું હતું કે ધો-૧૦ના પરિણામો છેલ્લા ત્રણ વર્ષતી ખુબ ઓછા આવવાથી આ શાળાઓમાં પરિણામ સુધારવા ખાનગી સંસ્થાને સોંપવામાં આવી છે.

**બે વર્ષમાં ૫૯૧ વૃક્ષોનું રી-ટ્રાન્સપ્લાન્ટ : ૨.૭૮ લાખનો ખર્ચ**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન વન વિભાગ દ્વારા ૫૯૧ વૃક્ષોને નવજીવન આપવામાં આવ્યું છે. સાબરમતીના અરવિંદભાઈ પટેલે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ જણાવ્યું હતુ કે જિલ્લામાં વૃક્ષો કાપવાના બદલે અદ્યતન ટેકનોલોજીથી આખું વૃક્ષ ઉપાડી બીજે રોપવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ ૫૯૧ વૃક્ષોને બચાવવામાં આવ્યા છે જયારે આ રીતે ટ્રાન્સપ્લાન્ટની કામગીરીમાં રૂ. ૨.૭૮ લાખનો ખર્ચ થયો છે.

**સામાજિક વનીકરણ અન્વયે ૫૬૫ હેકટરમાં રોપાઓનું વાવેતર**

જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કુલ ૫૬૫ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. જયારે રોપાઓના વાવેતર પાછળ રૂ. ૧૩૮.૨૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ડૉ. નિર્મલાબેન વાઘવાણીના પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ જણાવ્યું હતું.

બારકોડેડ નવીન રેશનકાર્ડ મેળવવા માટે બે વર્ષમાં ૧૬૦૪૯ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૧૩૭૪૦ બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ પૈકી ૧૩૦૨ અરજીઓ પુરાવાના અભાવે શરુ કરવામાં આવી છે. અને ૭ અરજીઓ દફતરે કરવામાં આવી છે. તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જૂના હયાત રેશનકાર્ડ ધારકોએ ફોર્મ નં.૧માં અરજી કરી હોય તેની સામે બારકોડેડ રેશનકાર્ડ વિતરણ બાકી નથી.

**રાહતદરે ઘઉં, ચોખા, ખાંડનું વિતરણ**

એક વર્ષમાં રાહતદરે ઘઉં, ચોખા, ખાંડનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં ઘઉં ૨૭૬૭૯.૬૫૨ મે. ટન, ચોખા ૧૦૩૯૮.૯૩૫, ખાંડ ૧૪૩૩.૯૦૪, આયોડીનયુકત મીઠુ ૧૮૮૫૨૬ મેટ્રીક ટન તેમજ ખાદ્યતેલના ૧૨૩૧૭૪ પાઉચનું રાહતદરે વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં ઘઉં પ્રતિ કીલો રૂ. ૨, ચોખા ૩ રૂપિયે ખાંડ ૧૩.૫૦ રૂપિયે અને ખાદ્યતેલ રૂ. ૪૮ પ્રતિ લિટરના ભાવે વિતરણ કરવામાં આવ્યું છે.



વિજ્ઞાન મેળો - કડી સંકુલમાં જે.બી. પ્રાથમિક શાળાના બાળકોએ વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગોનું નિદર્શન યોજી વિજ્ઞાન મેળાનો માહોલ નિર્માણ કર્યો હતો. બાળકોની જીજ્ઞાસાવૃત્તિ અને અભિવ્યક્તિનું નિદર્શન અનોખું હોય છે... સર્જનાત્મક શક્તિનું જ્ઞાનમાં રૂપાંતર અને જ્ઞાનના આધારે વિજ્ઞાનનું નિર્માણ શિક્ષણનો મૂળભૂત પાયો છે... પ્રાથમિક શાળાના બાળકો દ્વારા રજૂ કરાયેલા અવનવા વૈજ્ઞાનિક પ્રયોગોથી આવતીકાલના ઉજાસનો અણસાર અનુભવાતો હતો... (તસવીર : દિપક જાની)

# મતદારયાદી સુધારણા અને અધિકૃતતા અંગે હવે આધાર કાર્ડ નંબર સાંકળવામાં આવશે

## ચૂંટણી પંચ દ્વારા ૨જી માર્ચથી આ નવતર અભિયાન

ગાંધીનગર, તા. ૨૭

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની શુદ્ધતા અને અધિકૃતતા યોજના અંતર્ગત ૨જી માર્ચથી ૩૧-૭-૨૦૧૫ સુધી એક નવતર અભિગમ હાથ ધરવામાં આવનાર છે.

આ યોજના અંતર્ગત મતદાર ફોટો ઓળખકાર્ડના ડેટા સાથે આધારકાર્ડના ડેટાને સાંકળવામાં આવશે. જે કિસ્સામાં આધાર કાર્ડ ન હોય તેવા કિસ્સામાં પાસપોર્ટ ડ્રાયવીંગ લાયસન્સ, પાન કાર્ડ અથવા બેન્કના ખાતાની પાસબુક પૈકીના એક દસ્તાવેજ સાથે મતદારયાદીમાં સાંકળવામાં આવશે.

ચૂંટણી પંચ, નવી દિલ્હીના ધ્યાન પર એમ આવેલ છે કે તા. ૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા કરવામાં આવી છે, તેમ છતાં મતદાર યાદીમાં સમાવિષ્ટ મતદારોની નોંધોમાં જુદી જુદી ભૂલો જેમ કે, નામ, સરનામા, જાતિ, ઉંમર, ફોટોગ્રાફ વગેરે થયાનું જણાઈ આવેલ છે. તેમજ મતદાર ફોટો ઓળખકાર્ડની

● અનુસંધાન પાન-૭ પર

# સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહાને અનોખી વિદાય

## સચિવાલય ગેટ નં. ૧ પાસે કલાકારોએ ગરબાની રમઝટ બોલાવી



ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરકારના સચિવ પદેથી આજે વયમર્યાદાને લઈ નિવૃત્ત થયેલા શ્રી ભાગ્યેશ જહાને અનોખી વિદાય કલાકારો દ્વારા આપવામાં આવી હતી.

સચિવાલયના ગેટ નં. ૧ ખાતે કલાકારોએ વિદાયમાં ગરબાની રમઝટ બોલાવી અને પરિવારસાથે ખુલ્લી જીપમાં બેસાડી અને ઘર સુધી રંગારંગ સાથે લઈ ગયા.

તેમના નિવાસસ્થાને પણ

● અનુસંધાન પાન-૭ પર

# આગામી એકાદ-બે દિવસોમાં કમોસમી વરસાદની આગાહી

## જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલે રાજ્યના સૌરાષ્ટ્ર - કચ્છ સહિતના ઉત્તર ગુજરાત વિસ્તારોમાં કમોસમી વરસાદની કરેલી આગાહી

ગાંધીનગર, તા.૨૭

આગામી એક-બે દિવસમાં વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં કમૌસમી વરસાદ પડવાની સંભાવના છે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું કે હમણાં દિવસે પડતી ગરમી વચ્ચે પણ ઠંડા પવન શરૂ થવાથી હવામાનમાં પરિવર્તન આવેલ છે. સામાન્યતઃ પશ્ચિમિ વિક્ષેપો અવારનવાર થતાં શિયાળામાં પણ પરિવર્તન આવે છે. આ વખતે શિયાળામાં ઘણી વખત પશ્ચિમી વિક્ષેપોની અસર થઈ છે અને આ પશ્ચિમી વિક્ષેપોના કારણે વિષમ હવામાનની વિપરીત સ્થિતિમાં ફલુ અને સ્વાઈન ફલુ જેવા રોગોની ઉત્પત્તિ થાય છે. બેવડી ઋતુના કારણે રોગચાળો વકર્યો છે. વળી ઉભા કૃષિ પાકો પર ભેજ અને ઝાકળની વિપરીત અસર ઘણી થઈ છે. આથી હવામાનના પલ્ટા અંગે ભૂ ભૌગોલિક બાબતો પણ ઘણી અગત્યની છે. ઉત્તર અરબ સાગરમાં પાકિસ્તાન, ઉત્તર અફઘાનિસ્તાન, બલુચિસ્તાન અને દેશના વાયવ્ય ભાગમાં હવામાનની ઘેરી અસર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત દેશના અન્ય ભાગો પર પણ પડે છે. ઉત્તરીય પર્વતીય પ્રદેશો પર હિમવર્ષાની અસરો દેશના હવામાનને અસર કરે છે. આથી ભૌગોલિક કારણો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતા આગામી ચાર-પાંચ દિવસમાં હજુ પણ હવામાનમાં પલ્ટાની શકયતા જણાય છે. તારીખ ૨૮મી ફેબ્રુઆરીથી સૌરાષ્ટ્રના દરિયાકિનારે વાદળો આવવાની વકી રહેતા સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતના ભાગોમાં જો પશ્ચિમિયા પવનો જો ઉત્તર અરબસાગરનું હવામાન અને પશ્ચિમી વિક્ષેપોની બળવત્તર અસરો હશે તો ગુજરાત-સૌરાષ્ટ્ર કચ્છના ભાગોમાં કમૌસમી વરસાદની સંભાવના રહે છે. હજુ પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષા, કરા કે ઠંડકનો વરસાદ થવાની સંભાવના રહે. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં વાદળવાયુ તા. ૩જી માર્ચ સુધીમાં વાદળવાયુ આવવાની વકી રહે છે. ૫મી માર્ચથી ગરમી પડવાની વકી રહે જો કે આ ગરમી હવામાનના પલ્ટાના ભાગરૂપે જ ગણાશે. આ વખતે અલનીનોની અસર વહેલી જોવા મળે તો ચૈત્ર માસમાં કાળઝાળ ગરમી પડવાની વકી રહે.

# શિક્ષણમંત્રીના નેતૃત્વમાં સ્વાઈન ફલુ અંગે બેઠક

ગાંધીનગર,તા. ૨૭

રાજ્યમાં પ્રવર્તી રહેલા સ્વાઈન ફલુની પરિસ્થિતિ સંદર્ભે વિદ્યાર્થીઓને આ અસરથી બચાવવા માટે શિક્ષણંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકને સંબોધતા મંત્રી ચુડાસમાએ વિદ્યાર્થીઓને બચાવવા માટે રક્ષણાત્મક પગલા અંગે સમીક્ષા કરી હતી અને આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યની શાળા-કોલેજો તથા શૈક્ષણિક સંસ્થાઓએ સ્વાઈન ફલુ અંતર્ગત તકેદારી રાખવા માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

તલાટી
ગુજરાત સરકરામાં નોકરી મેળવો
ધો.12 પાસ
ફી ₹ 18,000/-
2440+ જગ્યાઓ
✓ પરીક્ષા સુધીનો કોર્ષ
✓ નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ
✓ 25000+ વધુ પ્રશ્નોનું સોલ્યુશન
✓ 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ
✓ સિલેબસ મુજબ તમામ ટોપિક્સનું વિસ્તૃત શિક્ષણ
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

તલાટીની બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 04.03.2015 | સવારના 10-00 થી 2-00 | સોમ થી શુક્ર |
| 16.03.2015 | બપોરના 3-15 થી 5-15 | સોમ થી શુક્ર |
| 14.03.2015 | બપોરના 3-15 થી 6-15 | શનિ / રવિ |

TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી સાંજના 5-00
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સે.7/A, ગાંધીનગર
(તલાટી) બ્રિલિયન્ટ બેચ-2015
નાપાસ થવાથી ફી 100% પરત
ફી ₹ 99,000/-* 100% રીફન્ડેબલ
બેચ શરૂ તા. : 1-3-2015 તથા 8-3-2015

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

# રાજ્યનું બજેટ કાપડ વણાટ ક્ષેત્રે નવી આશાનું કિરણ બનશે : વાડીભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

રાજયના નાણાંમંત્રી સૌરભભાઈ પટેલ દ્વારા પ્રસ્તુત કરાયેલ બજેટમાં આ વખતે કાપડ વણાટ ક્ષેત્રે રૂપિયા ૩.૭૦ કરોડની



સહાયની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં ૧૦૦૦ અંબર ચરખા અને ૧૦૦ હાથશાળનું વિતરણ કરવાની જોગવાઈ કરાઈ છે. રાજ્યના નાણામંત્રીએ કરેલી જાહેરાત કાપડ વણાટ ક્ષેત્રે કાર્યરત ગરીબ અને નીચલા વર્ગના કારીગર વર્ગ માટે ખૂબ આવકારદાયક અને પ્રસંશનીય પગલું છે તેવો પ્રતિભાવ રાજયના પૂર્વ મંત્રી તેમજ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના પૂર્વ અધ્યક્ષ વાડીભાઈ પટેલે આપ્યો હતો.

કાપડ વણાટ ક્ષેત્રે નબળા અને ગરીબ વર્ગના, કચડાયેલા વર્ગના તેમજ મોટેભાગે આદિવાસી વિસ્તારના લોકોની રોજગારી નભે છે. આ સંદર્ભે રાજ્યના નાણામંત્રીએ વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં ખાસ જોગવાઈ કરી છે તે માટે સૌરભભાઈ પટેલ તેમજ રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અભિનંદનને પાત્ર છે. તેવુ વાડીભાઈ પટેલે જણાવ્યું હતું. તેમના મતે સરકારનું આ બજેટ આ વર્ગ માટે રોજગારી પેદા કરવા અને કાપડ વણાટ ક્ષેત્રે આશાનું કિરણ પેદા કરવામાં ખૂબ ઉપયોગી નિવડશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

# શહેર-જિલ્લામાં બાળ ફિલ્મ મહોત્સવમાં એક લાખથી વધુ બાળકો ફિલ્મો માણી રહ્યાં છે

## જિલ્લા તથા શહેરની કુલ ૭૨૭ શાળાના બાળકો સામેલ : નગરના ૧૨ જાહેર સ્થળોએ ફિલ્મ પ્રદર્શન : ફિલ્મ જોવાની કળા, એનીમેશન અને ફિલ્મ નિર્માણ પ્રક્રિયા જેવા વિવિધ વિષયો આધારિત વર્કશોપ યોજાયા



ગાંધીનગર, તા.૨૭

ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન જીઆઈઈટી દ્વારા ગાંધીનગરમાં તા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન બાળ ફિલ્મ મહોત્સવ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ બાળ ફિલ્મ મહોત્સવનું બાળકો અને શિક્ષકોમાં ફિલ્મ નિર્માણ તેમજ ફિલ્મ નિર્દેશન સંદર્ભે સમજ વિકસે તેમજ શૈક્ષણિક ફિલ્મોનો શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ કરી તેની અસરકારકતા વધારાય અને રાષ્ટ્રીય કક્ષાએ ફિલ્મ ફેસ્ટીવલમાં રાજયનું પ્રતિનિધિત્વ કરી શકાય તેવું વાતાવરણ સર્જવાના હેતુથી આયોજન કરવામાં આવ્યું છે. આ બાળ ફિલ્મ મહોત્સવમાં જિલ્લાની તેમજ નગરની મળીને કુલ ૭૨૭ શાળાના લગભગ ૧ લાખથી વધુ બાળકો સારી પસંદ કરાયેલી ફિલ્મોને માણી રહ્યાં છે.

ગાંધીનગરના વિવિધ વિસ્તારોના ૧૨ જાહેર સ્થળોએ બાળ ફિલ્મ મહોત્સવ દરમિયાન રોજ રાત્રે ૮ વાગ્યાથી સારી ગુણવત્તાવાળી અને બાળકોમાં દેશ પ્રેમ, કરુણા નિડરતા, નિષ્ઠા, વૈજ્ઞાનિક અભિગમ અને પર્યાવરણ જાગૃતિના ગુણો વિકસે તેવી ફિલ્મો દર્શાવાઈ રહી છે. આ ઉપરાંત આ ફિલ્મ મહોત્સવમાં ફિલ્મ નિષ્ણાંતો દ્વારા વિવિધ વિષયો જેવા કે ફિલ્મ જોવાની કળા, ફિલ્મ નિર્માણ પ્રક્રિયા, એનીમેશન વગેરે અંગે વર્કશોપ તેમજ ડિજીટલ ટીચર, શૈક્ષણિક સ્રોતનું ફલક અને વિદ્યાર્થીઓ-શિક્ષકો દ્વારા નિર્મિત ફિલ્મો, ઓડિયો, વિડિયો અને ન્યુ મિડીયાના કાર્યક્રમોનું સ્ક્રિનીંગ વગેરેનું આયોજન કરવામાં આવ્યુ છે. બાળ ફિલ્મ મહોત્સવ દરમિયાન ગાંધીનગર શહેર તથા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા કક્ષાએ તેમજ શહેરમાં ૧૨ જાહેર સ્થળોએ રાત્રે ૮ વાગ્યાથી ફિલ્મો દર્શાવાઈ રહી છે. જેમાં કુલ ૭૨૭ શાળાઓના ૧લાખથી પણ વધુ બાળકો વિવિધ ફિલ્મો માણી રહ્યા છે. આ ઉપરાંત સારી પસંદ કરાયેલી ફિલ્મોને જીઆઈઈટી મારફત દૂરદર્શનની

● અનુસંધાન પાન-૭ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com